ગાંધીનગર સમાચાર
તા. ૪-૧-૨૦૧૪,શનિવાર

## તંત્રી સ્થાનેથી....

### વિદાયવેળાએ વડાપ્રધાન આશાવાદી

વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહની પત્રકાર પરિષદમાં બે ટર્મ પૂરી કરવામાં સફળ અર્થશાસ્ત્રી વડાપ્રધાને નિખાલસ એકરાર કરીને પોતાની નિષ્ફળતાઓની પણ કબૂલાત કરી લીધી છે. ગઠબંધન સરકારના વડા તરીકે પોતાના કાર્યકાળ દરમિયાન સંજોગો મુજબ વધુમાં વધુ જે કાંઈ ઉત્તમ થઈ શકે તે કરી બતાવવાનો પોતે પ્રયાસ કર્યો છે છતાં છેલ્લે મોંઘવારી નાથવામાં, નવી નોકરીની તકો ઉભી કરવામાં અને અમુક અંશે ભ્રષ્ટાચાર રોકવામાં ઊણા ઊતર્યા છે. જેનું એમને દુઃખ છે. એમણે પત્રકાર પરિષદની શરૂઆતમાં પોતાની ભૂમિકા સ્પષ્ટ કરતું નિવેદન વાંચ્યું હતું. વિવિધ કલ્યાણ યોજનાઓ અને પ્રજાને આપેલ વચનો પાર પાડ્યા બદલ એમણે આત્મસંતોષ વ્યકત કર્યો હતો. પોતે કેટલા સફળ રહ્યા કે નિષ્ફળ નીવડ્યા એનું છેલ્લું તારણ તો ઈતિહાસ જ કાઢશે, પરંતુ વિશ્વની પ્રવર્તમાન મંદીમાંથી ભારતને હેમખેમ બહાર કાઢી ઊંચો વિકાસ દર જાળવી રાખવામાં પોતે સંનિષ્ઠ પ્રયત્નો કર્યા છે, એની ઈતિહાસને નોંધ લેવી પડશે. એવી શ્રદ્ધા સાથે વડાપ્રધાન આગામી ચૂંટણી પછી બનનારી સરકારમાં પોતે આ પદના ઉમેદવાર નહીં હોવાની સ્પષ્ટતા પણ કરી દીધી છે. આગામી સરકાર 'યુપીએ' જ બનાવશે એવી પણ એમને આશા છે જ. રાહુલ ગાંધીની લાયકાત વિશે એમણે ઊંચો અભિપ્રાય દર્શાવ્યો છે. નરેન્દ્ર મોદી દેશના વડાપ્રધાન બનશે તો એ દેશ માટે મહાવિનાશકારી નીવડશે, એવું આત્યંતિક વિધાન કરીને એમણે ૨૦૦૨માં અમદાવાદની શેરીઓમાં થયેલા નરસંહારને પણ સંભારી લીધો. એમણે કોંગ્રેસને કેન્દ્ર સરકારની નિષ્ફળતાના મુદ્દે એટલું જ કહ્યું કે વૈશ્વિક કારણોસર મોંઘવારી પર કાબૂ મેળવવામાં પોતાની સરકાર જરૂર ધારી સફળતા નથી મેળવી શકી, પરંતુ ભ્રષ્ટાચારવાળી બાબત મીડિયા કે 'કેગ' જેવી એજન્સીઓ કહે છે એઠલો મોટો ભ્રષ્ટાચાર નથી થયો, વળી પોતે તો ટુ-જી અને કોલસા ખાણોની વહેંચણી મુદ્દે પારદર્શક વલણ જ ધરાવતા હતા પરંતુ કેટલાક સ્થાપિત હિતોએ અગાઉથી ચાલી આવતી પરંપરા અનુસરવાનું દબાણ આણી સાથી પક્ષોને પાંખમાં લઈ વડાપ્રધાનની ઈચ્છા બર આવવા દીધી નહોતી. આ બેઉ ઘટનાઓ 'યુપીએ-૧' સરકારના સમયગાળાની છે, પ્રજાએ એ પછી કોંગ્રેસને પ્રેમથી બીજી ટર્મ માટે શાસનનાં સૂત્રો સોંપ્યા હતાં. મનમોહનસિંહને એમના કાર્યકાળની સૌથી આનંદદાયક ઉપલબ્ધિ લાગી તે અણુ કરાર. અમેરિકા સાથેના આ કરારથી દેશ એના વિકાસ માટે અણુશક્તિનો યથેચ્છ ઉપયોગ કરી શકવાની સ્થિતિમાં આવ્યો છે. પોતે હાલના પાકિસ્તાન હસ્તકના પંજાબનું ફરજંદ છે, પરંતુ વડાપ્રધાન તરીકેના કાર્યકાળનાં સાડા નવ વરસ દરમિયાન હૃદયપૂર્વક ઈચ્છતા હોવા છતાં પોતાની જન્મભૂમિની મુલાકાત નથી લઈ શકયા, કારણ કે બે દેશો વચ્ચે એવી સંવાદિતાની સ્થિતિ નથી સ્થપાઈ. હજી એમણે આશા નથી છોડી. પોતાનો કાર્યકાળ પૂરો થતાં પહેલાં તેઓ પાકિસ્તાનની મુલાકાત લેવા ઉત્સુક છે. સરદાર મનમોહનસિંહની સૌથી નબળી કડી છે એમનું વ્યક્તિત્વ. એ કોંગ્રેસી નેતાઓ વિરુદ્ધ કશું જ બોલી શકતા નથી, ભ્રષ્ટાચારી વીરભદ્રસિંહ વિશે પણ પોતે કશું નહીં જાણતા હોવાનું કહી છટકી ગયા! તેઓ વડાપ્રધાન જેવા સર્વોચ્ચ પદ પર આરૂઢ થયા પછી પણ 'નેતા' નથી બની શકયા. તેથી વિપક્ષ એમને સૉફટ ટાર્ગેટ બનાવી નબળા વડાપ્રધાન તરીકે ચીતરતો રહ્યો છે. નરેન્દ્ર મોદી, રાજનાથસિંહ કે અરુણ જેટલી કરતાં ઘણા વધારે 'લાયક' હોવા છતાં એમને વાતવાતમાં ઉતારી પાડવામાં કોઈ પાછી પાની કરતું નથી. ખુદ કોંગ્રેસમાં એવા ઘણા આગેવાનો છે જે વારંવાર હાર માટેનો દોષનો ટોપલો મનમોહનની નેતાગીરી પર ઢોળે છે. પરંતુ હકીકત એ છે કે મનમોહન જ કયારેક કોંગ્રેસની સૌથી મોટી અસ્કામત હતા, જે હવે અળખામણા બની ચૂકયા છે. રાહુલ ગાંધીએ એમને પૂછવાની પણ દરકાર કર્યા વગર એમના નિર્ણયોને કચરા ટોપલી ભેગા કર્યા છે છતાં મનમોહને પક્ષ કે રાહુલ વિરુદ્ધ હરફ સરખો ઉચ્ચાર્યો નથી તે એમની ખાનદાની છે. વિદાયવેળાએ પણ મનમોહન તો વડાપ્રધાન કે રાજકારણી કરતાં વિશેષ તો એક અર્થશાસ્ત્રી જ છે. એમને પોતાના કાર્યકાળના અંતિમ તબક્કામાં દેશનું અર્થકારણ પાટા પર ચડી જશે એવી પૂરી આશા છે. કદાચ કોંગ્રેસ માટે હવે એમનો વિશેષ ખપ ન રહ્યો હોય એમ બને. પરંતુ નહેરુ પછી વિશ્વસ્તરે સૌથી વિશેષ આદરણીય નેતા તરીકે સન્માન મેળવનાર આ સરદારજીને ઈતિહાસ તો એક સાચા અને પ્રામાણિક વડાપ્રધાન તરીકે જ યાદ કરશે.

# નર્સિંગ કોલેજ દ્વારા શપથવિધિ અને ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૩

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત સી.એમ. નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓ માટે કૅન્ડલ લાઈટ ઍન્ડ ઓથ સૅરેમની અને શિક્ષણ-રમતગમતક્ષેત્રે સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાઈ ગયો. ગાંધીનગર સેકટર-૧૨ ખાતે આવેલ કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત સી.એમ. નર્સીંગ કોલેજ ખાતે પ્રથમ વર્ષ એ.એન.એમ., જી.એન.એમ., બી.એસસી. નર્સિંગના વિદ્યાર્થીઓને લઈને કૅન્ડલ લાઈટ એન્ડ ઓથ સેરેમનીનું આયોજન કોલેજના મુખ્ય દાતાશ્રી મફતલાલ પટેલના અધ્યક્ષ સ્થાને રાખવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, યુનિવર્સિટીના ડાયરેકટર ડી.ટી. કાપડીયા, અમેરિકાથી પધારેલા અતિથિ વિશેષ તરીકે મહેન્દ્રભાઈ પટેલ, ભાઈલાલભાઈ પટેલ, રજીસ્ટ્રાર એસ.કે. મંત્રાલા, કોલેજના આચાર્યા રવીનાબેન ક્રિશ્ચયન, કૅમ્પસ ડાયરેકટર ડૉ. આર.જે. વ્યાસ, ડૉ. સોમભાઈ પટેલ, પત્રકારત્વ વિભાગના મિતેશ મોદી સહિત વિદેશથી પધારેલ અન્ય મહાનુભાવો ખાસ ઉપસ્થિત વિદ્યાર્થીઓને કેન્ડલ લાઈટ સાથે શપથ ગ્રહણ કરાવ્યા હતા.

આ સાથે નર્સિંગના અભ્યાસની સાથે શિક્ષણ અને રમતગમતક્ષેત્રે સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીઓને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ઈનામ વિતરણ પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન સાલીની અને સીજી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સફળ બનાવવા ફાલ્ગુની મોદી, પ્રક્ષા પટેલ, હેમાક્ષી પ્રજાપતિ સહિત કોલેજના પ્રાધ્યાપકગણે ભારે જહેમત ઉઠાવી હતી.



## કડી કેમ્પસમાં 'ઓપન લાઈબ્રેરી ડે' ઉજવાયો

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ક્રિયેટીવ ઝોન દ્વારા ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજના સંયુકત ઉપક્રમે મંડળ સંચાલિત તમામ કોલેજો અને શાળાઓ માટે આજે 'ઓપન લાયબ્રેરી ડે' યોજવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓની વાંચન પ્રત્યે રૂચિ કેળવાય અને તેમનો સર્વાંગી વિકાસ થાય એવા ઉમદા હેતુથી આ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પુસ્તક પ્રદર્શનનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત રાજય ગ્રંથાલય નિયામક શ્રીમતિ વર્ષાબહેન મહેતાએ પ્રોત્સાહક હાજરી આપી હતી. વિદ્યાર્થીએ ઉમળકાભેર આ કાર્યક્રમમાં ભાગ લઈ પુસ્તકોનું વાચંન કર્યું હતું. અને ઘણા પુસ્તકો ઈશ્યુ કરાવી વાંચવા લઈ ગયા હતા.

## હરિની દૃષ્ટિ...




આમ આદમી તો હું છું જ શિયાળામાં તો આ જ ટોપી પહેરવી પડેને...!!

# દિલ્હી પબ્લિક સ્કૂલના અરિશ્વિતે 'જીનીયસ ઓફ ગાંધીનગર'નું બિરૂદ જીત્યું

### કુલ ૨૦ શાળાના લગભગ ૫૦૦૦ સ્પર્ધકોમાંથી ફાઈનલમાં વિજેતા બન્યા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના સેકટર-૧૭ ખાતે આવેલા ટાઉનહોલમાં આજે 'જીનીયસ ઓફ ગાંધીનગર' ટાઈટલ માટે ઈન્ટર સ્કૂલ કવીઝ કોમ્પીટીશન ફાઈનલ યોજાઈ હતી. આ ફાઈનલમાં ડીપીએસના અરિશ્વિત માને 'જીનીયસ ઓફ ગાંધીનગર'નું બિરૂદ જીત્યું હતું.




આ સ્પર્ધામાં કુલ ૨૦ સ્કૂલના લગભગ ૫૦૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધોહતો જેમાંથી ફાઈનલમાંચાર ટીમો પહોંચી હતી. આ ચાર ટીમોમાં બે ટીમો દિલ્હી પબ્લિક સ્કૂલની હતી જયારે બાકીની બે ટીમોમાં એક એમ.બી. પટેલ સ્કૂલ અને બીજી ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજની ટીમ હતી. લગભગ ૧૦૦૦ જેટલા વિદ્યાર્થી પ્રેક્ષકોનીહાજરીમાં દિલ્હી પબ્લિક સ્કૂલની ધોરણ ૧૧ની ટીમે બાકીની ટીમોને હરાવી દીધી હતી. ત્યારબાદ આખરી રાઉન્ડમાં આ ટીમના બંને સાથીદારો વચ્ચે સ્પર્ધા કરાતા અરિશ્વિત માન 'જીનીયસ ઓફ ગાંધીનગર' બન્યા હતાં.



(તસવીર : કશ્યપ નિમાવત)

સ્પર્ધાશરૂ થતા પહેલા યોજાયેલા કાર્યક્રમમાં મુખ્ય મહેમાન કૃષ્ણકાંત જહાએ વિદ્યાર્થીઓને પ્રેરક ઉદબોધન કરતા 'ઈચ્છા શકિતને સફળતાની ચાવી' ગણાવી હતી. સમારંભના અતિથિ કે.કે. પરીખ અને પુલકભાઈ ત્રિવેદીએ પણ વિદ્યાર્થીઓને ઉત્સાહજનક વકતવ્ય આપ્યા હતા. આ સ્પર્ધા પરિધિ ત્રિવેદી પરીખ અને હાર્દિક પરીખ દ્વારા આયોજીત કરવામાં આવી હતી.

# શ્રી સરઢવ કેળવણી ઉત્તેજક મંડળનો વાર્ષિકોત્સવ-૨૦૧૪

ગાંધીનગર, તા. ૩

શ્રી સરઢવ કેળવણી ઉત્તેજક મંડળ સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે વાર્ષિકોત્સવ-૨૦૧૪ શ્રી છગનભા રંગમંચ સરઢવ ખાતે યોજાશે. વાર્ષિકોત્સવ-૧૪ નિમિત્તે તા. ૭ જાન્યુઆરી મંગળવાર રાત્રે ૮.૦૦ કલાકે યોજાશે. જેમાં મંડળ સંચાલિત શાળાઓના વિદ્યાર્થીઓ ભાતીગળ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરશે. કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે ગીરીશભાઈ પટેલ પ્રમુખ કેળવણી મંડળ, ઉપસ્થિત રહેશે.

કાર્યક્રમનો શુભારંભ વાડીભાઈ પટેલ, અધ્યક્ષ ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ કરાવશે. આ પ્રસંગે ડૉ. કે.ટી. પટેલ, અશોકભાઈ પટેલ, ધારાસભ્ય વિનયગીરી ગોસાઈ, શિક્ષણાધિકારી ઉપસ્થિત રહી બાળકલાકારોને પ્રોત્સાહિત કરશે.

## ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન સુવર્ણ જયંતિ ઉજવશે

ગાંધીનગર, તા.૩

ગ્રામ ભારતી અમરાપુરના ભૂતપૂર્વ વિદ્યાર્થી સંઘ દ્વારા સુવર્ણ જયંતિ ઉજવણીના ભાગ રૂપે તા. ૫ જાન્યુઆરી સવારે ૯-૦૦ કલાકે ડૉ. આંબેડકર ભવન સે-૧૨ ખાતે સંમેલન યોજવામાં આવશે. કાર્યક્રમ ભૂતપૂર્વ વિદ્યાર્થી સંઘના પ્રમુખ અમૃતભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવશે.

# મન મળે ત્યાં મેળો- મનની સમજ, અણસમજનું નાટક

**ઉઘડતે પડદે**
**ધ્વનિલ પારેખ**

'મનને સમજાવો નહીં કે મન સમજતું હોય છે,
આ સમજ, આ અણસમજએ ખુદ સરજતું હોય છે'

રાજેન્દ્ર શુક્લનો આ શે'ર સાર્થક કરે એવું નાટક એટલે કમલેશ મોના દિગ્દર્શિત અને મનોજ જોશી અભિનીત નાટક 'મન મળે ત્યાં મેળો' - મૂળ મરાઠી નાટકનું ગુજરાતી રૂપાંતર પ્રકાશ કાપડીયાનું છે અને ગુજરાતી રંગભૂમિ પર એક અઘરા વિષય પર નાટક પ્રસ્તુત કરવાનો યશ આ સમગ્ર ટીમને જાય છે.

નાટકનું કથાવસ્તુ અર્થસંકુલ છે અને ત્રણ પાત્રોની આસપાસ કથા ફરે છે. પણ આખરે તો મનની ગતિવિધિને ઓળખવાનો પ્રયત્ન કરે છે. કાનજી નારાયણ બારોટ (મનોજ જોશી) ભૂતકાળમાં બનેલી ઘટનાઓને કારણે માનસિક સંતુલન ગુમાવી ચૂકયો છે અને મુંબઈના જાણીતા સાઈક્રિયાટ્રીસ ડો. શરદ કોઠારી(કમલેશ-મોના) પાસે ઈલાજ કરાવવા આવે છે. જાણીતી અભિનેત્રી રોમા પણ ડો. શરદ કોઠારી પાસે ઈલાજ કરાવતી હોય છે. પણ એ પાત્ર નાટકમાં ગૌણ છે રમૂજ પૂરતો જ એનો ઉપયોગ થયો છે. એક બાજુ કાનજીના જીવનના પડળો ખૂલતાં જાય છે અને સમાંતરે ડો. શરદ કોઠારીના જીવનની વાસ્તવિકતા પણ પ્રગટ થતી જાય છે.

કાનજી ગુજરાતી વિષયનો શિક્ષક હતો પછી ધૂળિયાના કૃષિ કામ સાથે સંકળાયેલા બાળકોને ગુજરાતી કવિતા અનુવાદ કરીને શીખવવાના કામે લાગે છે. અહીં શિક્ષણક્ષેત્રે કે ખેડૂતો સાથે થતાં અન્યાયને એ જોઈ શકતો નથી. પુસ્તકમાંનું આદર્શ જીવન એ વ્યવહારમાં ઝંખે છે અને પણ જયારે એ ચરિતાર્થ નથી થતું ત્યારે એ ઘણીબધી દુર્ઘટનાઓનો ભોગ બને છે. 'પાગલ' અવસ્થામાં પ્રવેશે છે. એનું કાચ જેવું પારદર્શક મન જ એની મોટી મુશ્કેલી બની રહે છે. બીજી બાજુ શરદ કોઠારી પણ આદર્શમાં માને છે પણ એ રીતે આચરણ કરી શકતો નથી. એણે કુટુંબ માટે કે અન્ય કારણોસર સતત સમાધાન કરવા પડતા હોય છે. પોતાના મનનું કરી શકતો નથી. એની પત્ની અદિતી (કુમકુમ દાસ) અને દીકરો અક્ષય અતિમહત્વકાંક્ષી છે. અદિતી શરદ માટે ફાઈવ સ્ટાર હોસ્પિટલના સપનાં જુવે છે અને એ માટે કોઈપણ કામ કરવા માટે અચકાતી નથી.

નાટકની મજા એ કેન્દ્રમાં છે, કે શરદ કોઠારી કાનજી જેવું પારદર્શક મન ઝંખે છે ને કાનજી શરદ કોઠારી જેવું સમાધાનકારી મન ઈચ્છે છે. શરદ કાનજીને સમજાવે પણ છે કે, પુસ્તકના નામને વ્યવહારમાં ઉતારવું અઘરું છે. જીવનમાં તો સમાધાન કરીને જ આગળ વધવું પડે. ભગવાને પણ જયારે આદર્શની ભૂંગળી બનાવીને કયારેક બાજુ પર મૂકી દેવી પડતી હોય છે ત્યારે આપણે માણસો શું કરી શકવાના? આ બધા સામે કાનજીની એક જ દલીલ હોય છે, કે શા માટે આપણે આપણા મનનું કરી શકતા નથી?



આ નાટક આ પ્રશ્ન ઉપરાંત અન્ય ઘણા અદભૂત પ્રશ્નો પણ સર્જે છે અને એ રીતે પણ આ નાટકનું મહત્વ વધે છે. સાંપ્રત શિક્ષણ પરિસ્થિતિ કે ખેડૂતોની આત્મહત્યાના મુદ્દાનો સમાવેશ પણ અહીં સુક્ષ્મ રીતે થયો છે. ડોનેશન આપીને કોલેજમાં કે ઉચ્ચ સંસ્થાઓમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થી અન્ય લાયકાતવાળા વિદ્યાર્થીઓની તક છીનવી લે છે કે ખેડૂતોની જમીનનો સોદો કરીને એમને આત્મહત્યા કરવા માટે મજબૂર કરતા રાજકારણીઓ સામે કાનજીનો રોષ પ્રગટે છે. શરદ કોઠારી પણ પોતાના દીકરા માટે સારી કોલેજમાં પ્રવેશ મેળવવા માટે ડોનેશનનો ઉપયોગ કરે છે ત્યારે કાનજી એને ચેતવે છે અને એની સામે અરીસો ધરે છે. નાટકના અંતે અરીસાનો થયેલો ઉપયોગ પણ પ્રતિકાત્મક બની રહે છે.

મનોજ જોશી અને કમલેશના પોતાના અભિનય ઉપરાંત આ નાટકનું જમા પાસું એના ધારદાર સંવાદો પણ છે. કાનજીની વાણીમાં રહેલો આક્રોશ આ ધારદાર સંવાદોમાંથી સતત પ્રગટ થાય છે. 'આપણે એવા ડાઘુઓ છીએ કે જે સતત પોતાની ઈચ્છાઓની લાશનો લઈને ફર્યા કરીએ છીએ.' સાંપ્રત જીવન અને સમય સંદર્ભે પણ કાનજી કહે છે કે 'પરવડે એટલો જ વવરાટ અને પરવડે એટલી જ અનુકંપા આપણે બતાવવી જોઈએ.' શરદ કોઠારી કાનજીને સમજાવતા કહે છે કે વ્યવહારમાં તો જેકામ કરવાથી ઓછું પાપ લાગે કે ઓછું દુઃખ થાય એવા કાર્યો કરીને સતત આગળ વધતા રહેવું જોઈએ. આ વખતે પણ કાનજી સમજાવે છે કે પાપ અને આદર્શને માપવાની કોઈ ફુટપટ્ટી મળે છે ખરી કે જેથી માપી શકાય કે કયું પાપ મોટું અને કયું પાપ નાનું? આવા ઘણા સંવાદો આ નાટકમાં છે કે જે સતત આપણને વિચારતા કરી મૂકે છે, વિચલિત કરી દે છે.

'મન મળે ત્યાં મેળો' નાટકનો મંચ બે ભાગમાં વિભાજીત છે, ડો. શરદ કોઠારીની કિલનિક અને ડો. શરદ કોઠારીનુંઘર. ઘરમાંથી કિલનિકમાં અને કિલનિકમાંથી ઘરમાં આવન જાવન થઈ શકે તેવી વ્યવસ્થા છે. રાજન ભીંસેની સેટ ડિઝાઈન એ રીતે નાટયાનુરૂપ છે. મરાઠી નાટકોના જાણીતા સંગીતકાર રાહુલ રાનાડેએ નાટકનું સંગીત આપ્યું છે પણ એ કયાંક લાઉડ બને છે અને કયારેક તો એ હોરર નાટક જોતા હોઈએ એવી પ્રતીતિ પણ કરાવે છે. કમલેશ મોના પોતે દિગ્દર્શક અને લાઈટ ડિઝાઈન પણ એમની જ છે. પ્રથમ અંકમાં અંત વખતે કાનજી જયારે ફ્લેશબેકની વાત કરતો હોય છે ત્યારે આખો મંચ લાલ રંગથી ભરાઈ જાય છે, સમગ્ર દૃશ્યની તીવ્રતા વધારે છે. દૃશ્યની તીવ્રતા ઉપસાવવા માટે આ પ્રકારની પ્રકાશ યોજના સહાયક બની રહે છે.

'સુખાંશી ભાંડતો આમૃત' અભિરામ ભડકમકરના મૂળ નાટકનું પ્રકાશ કાપડિયાએ રૂપાંતર કર્યું છે પણ બીજો અંક એ રીતે હજી ચુસ્તી માગી લે છે. ખાસ કરીને કાનજી અને શરદ કોઠારી વચ્ચે સંભાષણ વધારે ચાલે છે તો મધપાનવાળું દૃશ્ય પણ વધારે ખેંચાય છે. અલબત્ત એ બધાં દૃશ્યોમાં અભિનેતા મનોજ જોશીના અભિનયને મોકળું મેદાન જરુર મળે છે પણ નાટકની ગતિ અવરોધાઈ છે. અમુક રીતે તાળીઓ પાડવી અને હાથની અમુક મેનેરિઝમ દ્વારા મનોજ જોશીએ કાનજીની ભૂમિકા સશકત રીતે નિભાવી છે. ચાણકય ફેઈમ મનોજ જોશીની ઓળખ દવે કાનજી ફેઈમ મનોજ જોશીની બની રહે તો આશ્ચર્ય ન થાય! (આમ પણ ગુજરાતી રંગભૂમિ પર આજકાલ કાનજીનું ચલણ વધારે છે!)

ગુજરાતી રંગભૂમિને 'એસએમસિયા' થયો છે એવું કહીએ તો એમાં અતિશયોકિત નથી પણ એ અતિશયોકિતને આ નાટક અવશ્ય ખોટી પાડે છે. ગલગલિયાં કરાવતા જોકસ અને ફૂવડ હાસ્યની વચ્ચે આ નાટક અતિગહન, અતિ સંકુલ વિષય વસ્તુને રંગભૂમિનાં માધ્યમથી સાર્થક રીતે પ્રસ્તુત કરે છે. આવાં નાટકની પસંદગી કરવા બદલ ગાંધીનગર કલ્ચરલ ફોરમને પણ અભિનંદન આપવા ઘટે!